**વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત રૂ.૨૬૦૦.૦૦ લાખ**

**આદિવાસી બાળકો માટે પૂરક પોષણ યોજના બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૨૦૧૬-૧૭-ન.બા.૩૮/૩૦/૧૪/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૦/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અવક /પશપ /ફા.નં/૫૭/૨૦૧૫/૫૬

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૧/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: અવક/પશવ/ફા.નં-૫૭ /૨૦૧/૫૭૮ થી ૫૭૯

(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૪/૧૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક: અવક/પશપ/ન.બા/ફા.નં-૫૭/૨૦૧૫/૫૦૦ થી ૫૦૧

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૦૨૦૧૪/ન.બા-૪/૮૭૬૯૯૫/ઘ

**પ્રસ્તાવના :-**

પ્રાથમિક શાળાઓમાં ભણતા ગરીબ અને પછાત આદિજાતિના બાળકોમાં વિટામિન, પ્રોટીન, કેલ્શીયમ અને ખનીજ તત્વોની ઉણપ જણાય છે. આવા બાળકોને નાનીવયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ખામી દૂર કરી શકાય અને બાળકોના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારા થાય તે માટે મીડ ડે મિલ્ક યોજના "દૂધ સંજીવની યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. "દૂધ સંજીવની યોજના" હેઠળ પછાત આદિજાતિના છ જિલ્લાના સાત તાલુકાઓમાં આ યોજનાનો અમલ કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારોના ગરીબ, પછાત અને આદિજાતિના વાલીઓની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને પોષણક્ષમ આહાર આપી શકતા નથી. કુપોષણના કારણે પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શારીરિક અને માનસિક વિકાસ ઉપર તેની અસર જોવા મળતી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને સંદર્ભ ઠરાવ ક્રમાંક: (૪) સામે દર્શાવેલ તા.૧૮/૦૪/૨૦૧૫ના ઠરાવથી ૧૨ જિલ્લામાં ૨૧ તાલુકા પ્રાથમિક તબક્કે તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ હતી.

## ઠરાવ :-

દૂધ સંજીવની યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને ૨૦૦ મિ.લિ. ફ્લેવર્ડ દૂધ આપવાની યોજના હાલ ૧૨ જિલ્લાના ૨૧ તાલુકામાં અમલમાં છે, તેના ખૂબ સારા પરિણામોને ધ્યાનમાં લઇ વધુ બે જિલ્લાના બે તાલુકા અરવલ્લી જિલ્લામાં મેઘરજ અને તાપી જિલ્લામાં કુકરમુંડામાં અમલ કરવા માટે સંદર્ભ ક્રમાંક: (૧), (૨ ) અને (૩)ના પત્રથી તાલુકાઓમાં આ યોજનાનો અમલ કરવા રૂ.૩૮૦૦ + 300 + ૨૦૦= કુલ ૪300.00 લાખની જોગવાઇ અંગેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત દરખાસ્તને પ્લાન સીલીંગની મર્યાદામાં બજેટ જોગવાઇને આધીન રૂ.૨૬00.00 લાખને નીચે મુજબના ધારાધોરણે તેમજ શરતોને આધીન આથી વહિવટી મંજુરી આપવામાં આવેલ છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાનો નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન (ટી.એ.એસ.પી.), મુખ્ય સદર-૨૨૨૫ અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-(૫૧) વીકેવાય-૩૦૭ આદિવાસી

બાળકો માટે પૂરક પોષણ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૦૪/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

E:\gh-3\G.R.2016-17\PRC-2016-17-N.8.38-GH-GR.docx